# સુરત જિલ્લામાં પણ ભારે વરસાદ નોંધાયો

**બે** દિવસથી સતત વરસાદી માહોલ, આગામી બે દિવસ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

સુરતઃ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી મેઘરાજા સતત મહેરબાન રહ્યા છે. ગઈ રાતથી શરૂ થયેલો વરસાદ જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં અવિરત ચાલુ રહેતા સર્વત્ર ઠંડક પ્રસરી ગઈ છે. અનેક તાલુકાઓમાં સારો વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી, જ્યારે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

છેલ્લા 24 કલાક દરમિયાન સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે.

સૌથી વધુ પલસાણા તાલુકામાં 8 ઈંચ વરસાદ નોંધાયો છે. ત્યારબાદ બારડોલીમાં 174 મીમી (આશરે 7 ઈંચ), મહુવામાં 148 મીમી (આશરે 6 ઈંચ) અને અંબિકા વિસ્તારમાં 140 મીમી (આશરે 5.5 ઈંચ) વરસાદ વરસ્યો છે. શહેર સુરતમાં પણ 79 મીમી (આશરે 3 ઈંચ) વરસાદ નોંધાયો છે. સતત વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં વાતાવરણમાં નોંધપાત્ર ઠંડક પ્રસરી છે. મહત્તમ તાપમાન ઘટીને 27 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

### સુરત જિલ્લામાં પડેલા વરસાદની માહિતી

| તાલુકા | વરસાદ (મીમી) |
|---|---|
| ઓલપાડ | 34 |
| માંગરોળ | 12 |
| ઉમરપાડા | 82 |
| માંડવી | 41 |
| કામરેજ | 75 |
| સુરત | 79 |
| ચોર્યાસી | 48 |
| પલસાણા | 192 |
| બારડોલી | 174 |
| મહુવા | 148 |
| અરેઠ | 37 |
| અંબિકા | 140 |

### આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

હવામાન વિભાગે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં આગામી બે દિવસ ભારે વરસાદ વરસવાની આગાહી કરી છે. ઉપરાંત 26 જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આગાહીને ધ્યાનમાં રાખીને નાગરિકોને સાવચેતી રાખવા, નીચાણવાળા વિસ્તારોમાં બિનજરૂરી અવરજવર ટાળવા તેમજ સ્થાનિક તંત્ર દ્વારા જારી કરવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

### અફવાઓથી દૂર રહેવા અને જરૂરિયાતના સમયે હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરવા કલેક્ટરે અપીલ કરી

સુરતઃ ચોમાસાની ઋતુ દરમિયાન સંભવિત ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. નાગરિકોની સુરક્ષા અને આપાતકાલીન સહાય માટે તંત્ર દ્વારા ચોવીસે કલાક (24x7) કાર્યરત એવા કંટ્રોલ રૂમ અને હેલ્પલાઇન નંબરોની યાદી જાહેર કરવામાં આવી છે. પૂર કે અન્ય કોઈ પણ કુદરતી આપત્તિના સમયે નાગરિકોને ત્વરિત મદદ મળી રહે તે હેતુથી જિલ્લા કક્ષા, વિભાગીય કક્ષા તેમજ તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. કોઈપણ પ્રકારની ઇમરજન્સી પરિસ્થિતિમાં મુખ્ય ડિસ્ટ્રિક્ટ ઇમરજન્સી ઓપરેશન્સ સેન્ટર (0261-2663200, 2663600) નો સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત સુરત શહેર પોલીસ કંટ્રોલ રૂમ, મહિલા પોલીસ કંટ્રોલ રૂમ, ગ્રામીણ પોલીસ કંટ્રોલ રૂમ અને સુરત ફાયર બ્રિગેડના નંબરો પર પણ સહાય મેળવી શકાશે. સુરત જિલ્લા કલેક્ટર દ્વારા તમામ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, માત્ર અધિકૃત સૂચનાઓનું પાલન કરવા અને ઇમરજન્સી સમયે ઉપર જણાવેલ હેલ્પલાઇન નંબરોનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

### આજે NDRFની વધુ એક અને NDRFની 2 ટીમ મુકાઇ

» ચોમાસા પૂર્વે ફાળવેલ ટીમ : NDRF 1, SDRF 1 » તા.૨૧/૦૭/૨૦૨૬ ના ફાળવેલ ટીમ : NDRF 1, SDRF 2 » તા.૨૨/૦૭/૨૦૨૬ ના ફાળવેલ ટીમ : NDRF 1, SDRF 2 » જીલ્લામાં ફાળવેલ કુલ ટીમ : NDRF 3, SDRF 5 » સુરત માહનગરપાલિકાને ફાળવેલ : NDRF 3, SDRF 4 » માંડવી મુકામે : SDRF 1

### સુરત જિલ્લાના બંધ રસ્તાઓની માહિતી

| | |
|---|---|
| ચોર્યાસી | 04 |
| પલસાણા | 21 |
| બારડોલી | 14 |
| મહુવા | 02 |
| અંબિકા | 05 |
| માંડવી | 03 |
| અરેઠ | 01 |
| ઉમરપાડા | 01 |
| કુલ | 51 |

**જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલ**

# સુંવાલીમાં એક જ પરિવારના 4ને તાવ, આઠ વર્ષના માસૂમનું મોત

**7 જુલાઈના** વરસાદ બાદ તાવના કેસોમાં ઉછાળો, ઘરે-ઘરે બીમારીના કેસ, છતાં આરોગ્ય વિભાગ નિષ્ક્રિય!

સુરતઃ શહેરમાં 7 જુલાઈના રોજ પડેલા મુશળધાર વરસાદ બાદ અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારથી શહેરમાં તાવ સહિતના રોગોના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. સરકારી હોસ્પિટલોમાં પણ દર્દીઓની ભીડ વધી રહી છે. આ દરમિયાન સુંવાલી ગામમાં એક જ પરિવારના ચાર સભ્ય તાવની ઝપેટમાં આવતા 8 વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાએ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગની કામગીરી સામે પ્રશ્ન ઊભા કર્યા છે.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઝારખંડના વતની અને હાલ સુંવાલી ગામની એલ એન્ડ ટી કોલોનીમાં રહેતા બસીર અંસારી પરિવાર સાથે વસવાટ કરે છે અને રસોયા તરીકે કામ કરે છે. છેલ્લા કેટલાક દિવસોથી બસીર અંસારી તેમજ તેમના ત્રણ સંતાનો મિહાઝ (ઉં.વ.8), શબીર (ઉં.વ.6) અને ફાતેમા (ઉં.વ.3) તાવથી પીડાઈ રહ્યા હતા. પરિવારજનોએ નજીકના ખાનગી દવાખાનામાં સારવાર પણ લીધી હતી.

જોકે, બુધવારે સવારે આશરે 7 વાગ્યના સુમારે 8 વર્ષીય મિહાઝની તબિયત અચાનક ગંભીર બની હતી અને તે બેભાન થઈને ઢળી પડ્યો હતો. ગભરાયેલા પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબે તપાસ બાદ બાળકને મૃત જાહેર કર્યો હતો. મૃતક મિહાઝ પોતાના વતન ઝારખંડમાં ધોરણ-3માં અભ્યાસ કરતો હતો. હાલ પરિવારના અન્ય ત્રણ સભ્યો પણ તાવથી પીડાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

શહેરમાં વરસાદ બાદ વધતા તાવના કેસો અને હવે બાળકના મોતની ઘટનાએ આરોગ્ય વિભાગ માટે ચિંતા વધારી છે. તબીબો દ્વારા તાવના લક્ષણો દેખાય તો સ્વયં સારવાર કરવાને બદલે તાત્કાલિક યોગ્ય તબીબી સારવાર લેવાની સલાહ આપવામાં આવી રહી છે.

# ઉપરવાસ વરસાદ : ઉકાઈ ડેમમાં 31 હજાર ક્યુસેક પાણીની આવક

**24** કલાકમાં જળસપાટીમાં 0.37 ફૂટનો વધારો, ઉકાઈમાં 88 મીમી સહિત અનેક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ

### ઉપરવાસમાં આવેલા વિસ્તારમાં નોંધાયેલો વરસાદ

બમ્બરુલામાં 49 મીમી, દહીગાવમાં 46 મીમી, ચીક્લધરામાં 44 મીમી, શીંદખેડામાં 35 મીમી, દેડતલાઈ અને ડામરખેડામાં 34-34 મીમી, કુરાનખેડામાં 33 મીમી, તેમજ અકોલા, શીરપુર અને સાયગાવમાં 30-30 મીમી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત ટેસ્કામાં 28 મીમી, સાગરખેડામાં 27 મીમી, તલાસવાડમાં 23 મીમી, લખપુરી અને નવાથામાં 22-22 મીમી, માલપુરમાં 22 મીમી, કાકડીમ્બામાં 21 મીમી, ધુલિયા, વેલદા અને સાગબારામાં 20-20 મીમી, ધુપેશ્વર અને નિઝરમાં 19-19 મીમી, ગીરનામાં 18 મીમી, ચાંદપુરમાં 17 મીમી, ખેતિયામાં 16 મીમી, ચોપડવાવમાં 15 મીમી અને હથનુરમાં 12 મીમી વરસાદ નોંધાયો હતો.

સુરતઃ દક્ષિણ ગુજરાત સહિત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિસ્તારોમાં સક્રિય બનેલી વરસાદી સિસ્ટમની અસર હવે ઉકાઈ ડેમ પર પણ જોવા મળી રહી છે. ડેમના ઉપરવાસમાં છેલ્લા 24 કલાક દરમિયાન નોંધપાત્ર વરસાદ વરસતાં ઉકાઈ ડેમમાં ગઈકાલથી પાણીની આવક શરૂ થઈ છે. હાલમાં ડેમમાં આશરે 31 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે, જેના કારણે ડેમની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે.

ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં આવેલા વિવિધ વરસાદ માપન કેન્દ્રોમાં સારો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ઉકાઈમાં 88 મીમી વરસાદ નોંધાયો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ હાલ સર્જાયેલી લો પ્રેશર સિસ્ટમ ઉત્તર પ્રદેશથી મધ્ય પ્રદેશ તરફ આગળ વધી છે. તેની અસરના કારણે રાજસ્થાન અને ગુજરાતની સરહદ સુધી વરસાદી માહોલ સક્રિય બન્યો છે. આ સિસ્ટમના કારણે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં સારો વરસાદ નોંધાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ઉકાઈ ડેમનું કેચમેન્ટ વિસ્તાર ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ ફેલાયેલું છે. તેથી ત્રણેય રાજ્યોમાં વરસાદ પડતાં ડેમમાં પાણીની આવકમાં વધારો નોંધાઈ રહ્યો છે.

ઉપરવાસમાંથી પાણીની સતત આવકને કારણે ઉકાઈ ડેમની જળસપાટીમાં છેલ્લા 24 કલાક દરમિયાન 0.37 ફૂટનો વધારો નોંધાયો છે. હાલ ડેમની સપાટી 313.47 ફૂટ પર પહોંચી છે. જો ઉપરવાસમાં વરસાદનો આ જ ક્રમ યથાવત રહેશે તો આગામી દિવસોમાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ દક્ષિણ ગુજરાત અને ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. જેના કારણે ડેમમાં પાણીની આવકમાં વધુ વધારો થઈ શકે છે. સિંચાઈ, પીવાના પાણી અને વીજ ઉત્પાદન માટે મહત્ત્વના ઉકાઈ ડેમમાં પાણીનો સતત વધારો થવાથી દક્ષિણ ગુજરાત માટે રાહતના સંકેતો મળી રહ્યા છે.

# મુંબઈથી અપહૃત 14 વર્ષીય બાળકને શોધી પરિવારને સોંપ્યો

**પ્લેટફોર્મ** પર એકલા બેઠેલા બાળક પર મહિલા ASIની નજર પડી



સુરતઃ સુરત રેલવે પોલીસની ટીમે પોતાની ત્વરિત સતર્કતા અને માનવીય સંવેદનશીલતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતાં મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના સાતપાટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના કેસમાં ગુમ થયેલા 14 વર્ષીય બાળકને સહીસલામત શોધી કાઢીને તેના માતા-પિતાને સોંપ્યો છે. સુરત રેલ્વે પોલીસની આ ઉત્તમ કામગીરીને કારણે મહારાષ્ટ્ર પોલીસનો એક અન્ડિટેક્ટેડ ગુનો પણ ઉકેલાઈ ગયો છે.

બનાવની વિગત અનુસાર, ગત તા. 18 જુલાઈ, 2026ના રોજ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન વુમન એ.એસ.આઈ. મનિષા મધુકરને એક 14 વર્ષનો બાળક એકલો અને અસમંજસની સ્થિતિમાં બેઠેલો જોવા મળ્યો હતો. શંકા જતાં તેમણે બાળક પાસે જઈ પ્રેમપૂર્વક પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન બાળકે પોતાનું નામ વિક્રમ (નામ બદલેલું) અને પોતે મુંબઈનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું, પરંતુ તે તેના વાલીઓનો કોઈ સંપર્ક નંબર આપી શક્યો ન હતો.

બાળકની સલામતીને ધ્યાને રાખી સુરત રેલવે પોલીસે તેને તાત્કાલિક ‘વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ’ ખાતે આશ્રય અપાવ્યો હતો અને ત્યારબાદ મુંબઈ પોલીસ સાથે સંપર્ક સાધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આ બાળક અંગે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના સાતપાટી પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગે અપહરણનો ગુનો નોંધાયેલો હતો. જાણ થતાં આવી પહોંચેલી સાતપાટી પોલીસને સુરત રેલવે પોલીસે જરૂરી કાયદાકીય પ્રક્રિયા અને યોગ્ય પુરાવાની ખરાઈ કર્યા બાદ બાળકને તેના પિતાને સહીસલામત સોંપ્યો હતો. પોતાના ગુમ થયેલા વહાલસોયા પુત્રને સહીસલામત જોઈ માતા-પિતા ભાવુક થઈ ગયા હતા અને તેમણે સુરત રેલ્વે પોલીસનો આભાર માન્યો હતો.

# જાહેરમાં આરોપીઓને મારનાર DCP નકુમ સામે હાઈકોર્ટની સુઓમોટો

**વકીલ** ઉત્કર્ષ દવેની રજૂઆત બાદ કાર્યવાહી શરૂ, સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાના ભંગના આક્ષેપ

**સસ્પેન્શન** સહિતની કાર્યવાહીનો વારો આવી શકે

અમદાવાદઃ સુરતમાં હત્યાના પ્રયાસના ગુનામાં ઝડપાયેલા પાંચ આરોપીઓને જાહેરમાં વાળ પકડીને લાકડીઓ અને લાફા મારવાના વિવાદાસ્પદ કેસમાં ડીસીપી રાજદીપસિંહ નકુમની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાત હાઈકોર્ટે આ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈને સુઓમોટો કાર્યવાહી શરૂ કરી છે. ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ ઉત્કર્ષ દવે દ્વારા ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ સમક્ષ કરવામાં આવેલી રજૂઆત બાદ કોર્ટે કેસનો સ્વીકાર કરતાં હવે માત્ર ડીસીપી નકુમ જ નહીં, પરંતુ ઘટનામાં સામેલ અન્ય પોલીસ કર્મચારીઓ સામે પણ કાયદાકીય અને ખાતાકીય કાર્યવાહીનો માર્ગ ખુલ્યો છે. આ ઘટનાએ પોલીસ કાર્યવાહીની કાનૂની મર્યાદા અને માનવાધિકારોના પાલન અંગે ફરી ગંભીર ચર્ચા જગાવી છે.

13 જુલાઈએ સુરતના સલાબતપુરા વિસ્તારમાં હત્યાના પ્રયાસના ગુનામાં ઝડપાયેલા પાંચ આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ દરમિયાન ઈન્ચાર્જ ડીસીપી તરીકે ફરજ સંભાળતા રાજદીપસિંહ નકુમે આરોપીઓના વાળ પકડીને જાહેર રસ્તા પર લાફા અને લાકડીઓ માર્યાના વીડિયો વાયરલ થયા હતા. ઘટનામાં એસઓજીના પોલીસકર્મીઓ પણ આરોપીઓને માર મારતા જોવા મળ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને પોલીસની કાર્યવાહીની કાયદેસરતા સામે પ્રશ્નો ઊભા થયા હતા.આ ઘટનાના અનુસંધાને વરિષ્ઠ વકીલ ઉત્કર્ષ દવેએ 15 જુલાઈએ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખી સમગ્ર મામલે સુઓમોટો કાર્યવાહી કરવાની માંગ કરી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે જો પોલીસ અધિકારીઓ જ આરોપીઓને અદાલતી પ્રક્રિયા પહેલાં જાહેરમાં સજા કરવા લાગે તો તે બંધારણની કલમ 14 અને 21નું ઉલ્લંઘન છે તથા કાયદાના શાસન માટે ગંભીર ખતરો છે. તપાસ કરવાની સત્તા પોલીસને છે, પરંતુ સજા કરવાનો અધિકાર માત્ર અદાલતને જ છે. હાઈકોર્ટ દ્વારા સુઓમોટો સંજ્ઞાન લીધા બાદ હવે આ સમગ્ર મામલામાં પોલીસ અધિકારીઓની જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા આગળ વધશે. કાનૂની નિષ્ણાતોના મતે સુપ્રીમ કોર્ટના ડી.કે. બાસુ વિરુદ્ધ પશ્ચિમ બંગાળ રાજ્ય (1997) અને પ્રકાશ સિંહ કેસ સહિતના મહત્વપૂર્ણ ચુકાદાઓમાં ધરપકડ અને કસ્ટડી દરમિયાન આરોપીઓના માનવાધિકારોના રક્ષણ અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા આપવામાં આવી છે, જેના ભંગના આક્ષેપો આ કેસમાં થયા છે.આ કેસમાં તત્કાલીન ઈન્ચાર્જ ડીજીપી ડૉ. કે.એલ.એન. રાવ દ્વારા અગાઉ જારી કરાયેલા પરિપત્રનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં પોલીસને આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવા, જાહેરમાં માર મારવા કે અપમાનિત કરવા પર સ્પષ્ટ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત 2022ના ખેડા ફ્લોગિંગ કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચાર પોલીસકર્મીઓને કોર્ટના તિરસ્કાર બદલ 14 દિવસની જેલની સજા ફટકારવામાં આવી હતી. તે ચુકાદા છતાં સુરતમાં આવી ઘટના બનતાં હવે હાઈકોર્ટ આ મામલે શું વલણ અપનાવે છે અને રાજ્ય સરકાર ગૃહ વિભાગ સ્તરે કોઈ શિસ્તભંગની કાર્યવાહી કરે છે કે નહીં, તેના પર સૌની નજર મંડાઈ છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરત સહિત...

કમિશનર એમ. નાગરાજને શહેરના નાગરિકોને રાત્રે 8 વાગ્યા સુધીમાં પોતાના ઘરે પહોંચી જવા ખાસ અપીલ કરી છે. સાથે સાથે આખા શહેરમાં જ્યાં પણ બેઝમેન્ટમાં દુકાનો, ઘરો કે પછી ઔદ્યોગિક એકમો છે તેમને ત્યાંથી માલસામાન ખસેડી લેવા માટે પણ મનપા દ્વારા લાઉડસ્પીકર મારફતે જાણ કરવામાં આવી છે.

કમિશનરે સ્પષ્ટ કર્યું છે કે આ અપીલ ગભરાટ ફેલાવવા માટે નહીં પરંતુ આગોતરી તકેદારી અને નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. લોકોને અફવાઓથી દૂર રહી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. છેલ્લા બે દિવસથી સુરત શહેર અને ઉપરવાસમાં સતત વરસી રહેલા વરસાદના કારણે મીઠી, ભેદવાડ સહિતની મુખ્ય ખાડીઓમાં પાણીના સ્તરમાં ઝડપથી વધારો નોંધાયો છે. માત્ર એક પખવાડિયામાં બીજી વખત શહેર પર ખાડીપૂરનું સંકટ ઊભું થતાં મહાનગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્ર, ફાયર વિભાગ સહિત તમામ એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.આજ સવારથી જ પલસાણા તાલુકામાં આશરે પાંચ ઈંચ વરસાદ નોંધાતા ભેદવાડ ખાડી ઓવરફ્લો થઈ ગઈ છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક ચાલુ રહેતાં શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા વધી છે.

પરિસ્થિતિને પહોંચી વળવા માટે સ્થાનિક ફાયર વિભાગ ઉપરાંત NDRF અને SDRFની બે-બે મળીને કુલ ચાર ટીમોને સુરતમાં તૈનાત કરવામાં આવી છે. તમામ ટીમોને સંવેદનશીલ વિસ્તારોમાં સ્ટેન્ડબાય રાખી જરૂર પડ્યે તાત્કાલિક રેસ્ક્યુ કામગીરી હાથ ધરવાના આદેશ આપવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા વરાછા, ઉન, કૃષ્ણનગર, કાંગારૂ સર્કલ તેમજ મીઠી અને ભેદવાડ ખાડીના નીચાણવાળા વિસ્તારોમાં ખાસ નજર રાખવામાં આવી રહી છે. પાણીનું સ્તર વધે તો સ્થળાંતર અને બોટ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવા માટે પણ તમામ તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે.સંભવિત કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાત્રિના સમયે શહેરના અનેક નીચાણવાળા અને પાણી ભરાવાની શક્યતા ધરાવતા માર્ગો તાત્કાલિક બંધ કરવામાં આવશે. નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને તંત્રના સૂચનોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

### શહેરના અનેક...

છે. મ્યુનિસિપલ કમિશનરે વધુમાં સ્પષ્ટતા કરી છે કે આ કોઈ ગભરાટ ફેલાવવાની બાબત નથી, પરંતુ તંત્ર દ્વારા કરવામાં આવેલા આગોતરા આયોજનના ભાગરૂપે જાગૃતિ માટે આ અપીલ કરવામાં આવી છે, તેથી લોકોને ચિંતા ન કરી માત્ર સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે.

### મીઠીખાડી છલકાતાં...

અને ખાડીઓના સતત વધતા સ્તરને જોતા મનપા દ્વારા નીચાણવાળા વિસ્તારમાં દુકાનો અને રહેણાંકમાં સમાન સલામત સ્થળે ખસેડવા અપીલ કરવામાં આવી હતી.

### વરાછામાં પોદાર...

ભરાઈ જવા પામ્યા હતા. જેના કારણે વેપારીઓને મોટું નુકસાન થયું હતું. જોકે આ પાણી ભરાવા પાછળ પોદાર આર્કેડની સામે સીટકો દ્વારા લગાવવામાં આવેલ પતરાના કારણે ભરાયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેથી આ વખતે પાલિકા દ્વારા પહેલેથી તકેદારીના ભાગરૂપે મોડી રાત્રે ભારે વરસાદની આગાહી હોવાને કારણે તમામ પતરાઓ હટાવી દેવામાં આવ્યા હતા અને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે.

### મીઠી ખાડી...

સવારથી વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. કાર્યપાલક ઈજનેર કામીની દોશી સહિતનાં અધિકારીઓ દ્વારા હરસંભવિત સ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જ્યારે બીજી તરફ મીઠી ખાડીની વધી રહેલી સપાટીને ધ્યાને રાખીને ફાયર વિભાગ દ્વારા પણ વધુ એક વખત નિચાણવાળા વિસ્તારોમાં નાગરિકોનાં રેસક્યુ માટેની તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. જેનાં ભાગરૂપે મીઠી ખાડી વિસ્તાર પાસે નિચાણવાળા વિસ્તારમાં ફાયર વિભાગનાં લાશ્કરો બોટ સાથે તૈનાત કરી દેવામાં આવ્યા છે. આ સિવાય ઉધના ઝોનમાં ભેદવાડ ખાડીની સપાટીમાં ઓવરફ્લો થવાની સ્થિતિ પર પહોંચી જતાં નિચાણવાળા વિસ્તારોમાં ફાયર વિભાગ દ્વારા અલગ - અલગ વિસ્તારોમાં બોટ તૈનાત કરી દેવામાં આવી છે. આમ, વરાછા, ઉધના અને લિંબાયત સહિત સંભવિત પુરની સ્થિતિને ધ્યાને ફાયર વિભાગ દ્વારા 16 જેટલા સ્થળો પર લાશ્કરો સાથે ફાયર વિભાગની બોટ સ્ટેન્ડ બાયમાં મુકી દેવામાં આવી છે.

### શહેરનાં વિવિધ...

ભેદવાડ ખાડી ઓવરફ્લો થઈ ચુકી છે. આ સ્થિતિમાં સુરત શહેરમાં વધુ એક વખત એનડીઆરએફ અને એસડીઆરએફની ચાર ટીમોનાં જવાનોને સ્ટેન્ડ બાય રહેવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે. હાલનાં તબક્કે ચારેય ટીમોનાં જવાનોને વરાછા, ઉન, કૃષ્ણ નગર, કાંગારૂ સર્કલ અને મીઠી ખાડી તથા ભેદવાડ ખાડીનાં નિચાણવાળા વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવ્યા છે. સંભવિત ખાડી પુરની સ્થિતિને ધ્યાને રાખીને નિચાણવાળા વિસ્તારોમાં રેસક્યુ ઓપરેશન માટે એનડીઆરએફ અને એસડીઆરએફનાં જવાનોને એલર્ટ મોડમાં રહેવા માટે જણાવવામાં આવ્યું છે.

### NDRF,...

સવારથી જ એનડીઆરએફ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોને ખડકી દેવામાં આવી હતી. આ તમામ ટીમો દ્વારા પોતાના જરૂરી સાધન સામગ્રીઓને પણ તૈયાર કરી અલગ અલગ વિસ્તારોમાં સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી. આ ઉપરાંત ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા પણ જે જગ્યા ઉપર વધુ પાણી ભરાવાની શક્યતાઓ છે ત્યાં પહેલેથી જ બોટ મૂકી ટીમને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

### આજે સુરત...

ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. સતત વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિને કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શિક્ષકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તંત્ર દ્વારા જણાવાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી કલાકોમાં પણ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. જેના કારણે વહીવટી તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરી જણાશે તો વધુ સૂચનાઓ જાહેર કરવામાં આવશે.

### કાપડના વેપારીઓએ...

સ્થિતિમાં ગભરાવાને બદલે શાંતિ જાળવી એકબીજાની મદદ કરવા અપીલ કરવામાં આવી છે. સૂચનામાં તમામ માર્કેટોમાં જનરેટર સેટની સમયસર તપાસ અને ચકાસણી કરી તેને કાર્યક્ષમ હાલતમાં રાખવા પણ જણાવાયું છે, જેથી વીજ પુરવઠામાં ખલેલ પડે તો તેનો ઉપયોગ કરી શકાય. ફોસ્ટાએ વિશેષ સૂચનામાં જણાવ્યું છે કે કોઈ પણ વેપારી પોતાની બાઇક, કાર અથવા પાર્સલ બેઝમેન્ટમાં ન રાખે. ટેમ્પો ચાલકોને પણ પાર્સલથી ભરેલા વાહનો બેઝમેન્ટમાં પાર્ક ન કરવા સૂચના આપવામાં આવી છે. જો આવા વાહનો અથવા માલ બેઝમેન્ટમાં હોય તો તેને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવાની અપીલ કરવામાં આવી છે. અંતમાં ફોસ્ટાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ માત્ર ચેતવણી નહીં પરંતુ ચેતના છે. વેપારીઓની સુરક્ષા અને કુશળતા સંસ્થાની સર્વોચ્ચ પ્રાથમિકતા હોવાનું જણાવી તમામ વેપારીઓને વરસાદી પરિસ્થિતિમાં સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ભારે વરસાદઃ...

ડાઉન લાઈન પર કિલોમીટર 184/8-10 વચ્ચે ટ્રેકની માટી ધસી પડી હતી. મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખીને ડાઉન લાઈન પર સવારે ૦૫:૪૫ કલાકે ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે રોકી દેવાયો હતો, જ્યારે અપ લાઈન પર 45 કિમી/કલાકની સ્પીડ લિમિટ લાગુ કરવામાં આવી હતી. બપોરે 3:55 કલાકે પહેલી ટ્રેન (09005) ને આ પ્રભાવિત સેક્શનમાંથી સલામત રીતે પસાર કરવામાં આવી હતી.

**શોર્ટ-ઓરિજિનેટ કરાયેલી ટ્રેનો (મૂળ સ્ટેશનને બદલે વચ્ચેથી ઉપડેલી):**

- 12933 બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસઃ બાંદ્રાના બદલે વલસાડથી સાંજે 04:20 કલાકે ઉપડી.
- 12931 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ડબલ ડેકર એક્સપ્રેસઃ મુંબઈ સેન્ટ્રલના બદલે નવસારીથી સાંજે 05:20 કલાકે રવાના થઈ.
- 22929 દહાણુ રોડ - વડોદરા એક્સપ્રેસઃ દહાણુના બદલે બિલિમોરાથી સાંજે 05:20 કલાકે ઉપડી.
- 59040 વાપી - મુંબઈ સેન્ટ્રલ પેસેન્જરઃ ગોલવડથી બપોરે 02:38 કલાકે રવાના કરાઈ.
- 20907 દાદર - ભુજ સયાજીનગરી એક્સપ્રેસઃ દાદરના બદલે સુરતથી રાત્રે 07:35 કલાકે રવાના થઈ.
- 12995 બાંદ્રા ટર્મિનસ - અજમેર સુપરફાસ્ટઃ બાંદ્રાના બદલે વલસાડથી રાત્રે 08:15 કલાકે ઉપડી.

### ચોમાસાની...

હતા. નાનાપોંઢાથી વાપી જતા માર્ગ ઉપર નાસિકની ખાનગી બસ ફસાઇ જતાં 16 જેટલા મુસાફરોને બહાર કાઢી ખભે ઊંચકીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ધરમપુરમાં માન નદીમાં ઇનોવા કાર તણાઇ ગઇ હતી. વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જ્યારે કાશ્મીરાનગરના 300 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતાં. વલસાડ શહેરના પાલીહિલ પાછળ આવેલા એસટીપી પ્લાન્ટ ખાતે ફસાયેલા ત્રણ મજૂરોનું એનડીઆરએફની ટીમ દ્વારા સફળ રેસ્ક્યુ કરી લેવામાં આવ્યા હતાં. ખેરગામમાં ભારે વરસાદના કારણે તાલુકાના ૧૫ જેટલા માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતાં. સૌથી વધુ અસર વેજલપોલ ગામે જોવા મળી છે, જ્યાં ઔરંગા નદીના ધસમસતા પાણી નીચાણવાળા વિસ્તારના ઘરોમાં ઘૂસી ગયા હતા. પરિસ્થિતિ ગંભીર બનતાં ગામના સરપંચ, પંચાયત સભ્યો અને સ્થાનિક આગેવાનોએ સમયસૂચકતા દાખવી ઘરોમાં ફસાયેલા ૨૦થી વધુ પરિવારોને સલામત રીતે બહાર કાઢ્યા હતા. પ્રશાસન દ્વારા અસરગ્રસ્તો માટે વેજલપોલ ગામે તાત્કાલિક શેલટર હોમ શરૂ કરી આશ્રય આપવામાં આવ્યો છે. વલસાડના છીપવાડ દાણા બજારમાં પાણીનો ભરાવો થયો હતો. આ સિવાય વલસાડ તિથલ રોડ પર જજીસ બંગલા પાસે સાંજ સુધી પાણીનો ભરાવો રહ્યો હતો. જેના કારણે ડિવાઇડર તોડી પાણી જવાનો રસ્તો કરવો પડ્યો હતો. શહેરના મુખ્ય વિસ્તાર તિથલ રોડ સિવાય હાલર વિસ્તાર, નાનકવાડા ગામ, ભાગડાવડા ગામના અનેક ઘરોમાં પાણી ભરાઇ ગયા હતા. શહેરના અબ્રામા વિસ્તારની અનેક સોસાયટીઓમાં પાણી જ પાણી રહ્યા હતાં. રાજન નગરમાં અનેક ઘરોમાં પાણી ભરાતા લોકો હેરાન પરેશાન થઇ ગયા હતા. વલસાડમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. વલસાડમાં મધરાતથી જ ભારે વરસાદ વરસતાં આ વખતે વહેલી સવારે જ સ્કૂલ અને કોલેજોમાં રજા જાહેર કરી દેવાઇ હતી. સુરક્ષાના હેતુ માટે તિથલ બીચ લોકો માટે બંધ કરાયો હતો. વલસાડમાં પડેલા અનરાધાર વરસાદના કારણે હાઇવે નં. 48 પર ઠેક ઠેકાણે પાણી ભરાઇ ગયા હતા.

વલસાડ જિલ્લાના પારડીના ઐતિહાસિક 99 એકરના તળાવની સૂપડી તોડવી પડી હતી જેના કારણે સ્થાનિકોને રાહત થઇ હતી જો કે, તળાવના કાંઠે આવેલા ઘરોમાં પાણી ઘૂસી ગયો હતા. તેવી જ રીતે ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે સાંજે પાંચ કલાકે મધુબન ડેમમાંથી ૯૫,૯૦૯ ક્યુસેક પાણી છોડવાનું શરુ કરવામાં આવ્યું હતું. જ્યારે હરણગામ અને ચીખલીમાંથી ૧૩૭ લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. જ્યારે ચીખલી હાઇવેના અંડરપાસના સર્વિસ રોડ પર પણ પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતાં. ગણદેવી તાલુકામાં લોકમાતાએ કાંઠા વટાવતા બુધવારે મોડી સાંજે પુરની સ્થિતિ વણસી હતી. જે સાથે તંત્રએ ૭૯૧ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ઉપરાંત

તલોધમાં મહિલા પૂરના પાણીમાં તણાઈ ગઇ હતી. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ જાણે તાંડવ મચાવ્યું હોય તેવી સ્થિતિ નવસારી જિલ્લામાં સર્જાઈ છે. સતત ચાર દિવસથી વરસી રહેલા ધોધમાર વરસાદે સમગ્ર જિલ્લાને જળબંબાકાર બનાવી દીધો છે. ખેરગામમાં 13.29 ઈંચ અને ચીખલીમાં 12 ઈંચ વરસાદ નોંધાતા નદીઓ ગાંડીતૂર બની છે, અનેક ગામોમાં પાણી ફરી વળ્યા છે અને જનજીવન લગભગ ઠપ્પ થઈ ગયું છે. હવામાન વિભાગ દ્વારા હજુ પણ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવતા જિલ્લા વહીવટીતંત્રે તમામ વિભાગોને હાઇ એલર્ટ પર રાખ્યા છે. લોકોને નદી-નાળા, કોઝવે અને પાણી ભરાયેલા રસ્તાઓથી દૂર રહેવા, બિનજરૂરી મુસાફરી ટાળવા અને માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે. નવસારીમાં મેઘપ્રલય વચ્ચે તંત્ર હાઇ એલર્ટ પર છે. પરિસ્થિતિને વધુ ચિંતાજનક બનાવતી બાબત એ છે કે પૂર્ણા નદીનું જળસ્તર સાંજે પાંચ વાગ્યે 23 ફૂટ સુધી પહોંચી ગયું હતું. ડોલવણના ધામણદેવીમાં આધેડ સુમનભાઈ ભીલનું ચેકડેમમાં તણાઈ જતાં મોત નીપજ્યું હતું. તો વ્યારાના બેડકૂવાદૂરમાં રહેતા 58 વર્ષીય જીવણભાઈ ચૌધરી ગત તા.21-7-2026ના રોજ ખેતરમાં ડૂબેલી હાલતમાં મળી આવ્યા હતા. બારડોલીના તલાવડી અને કોર્ટ સામેના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. પલસાણામાં બલેશ્વર ગામ બેટમાં ફેરવાયું છે.

### ખરાબ હવામાનને...

ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબર IX-274 દુબઈથી સુરત માટે સવારે 9:50 વાગ્યે પહોંચવાની હતી. જોકે, ફ્લાઈટ લગભગ 2 કલાક 14 મિનિટના વિલંબ સાથે બપોરે 12:04 વાગ્યે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરી હતી. આ ફ્લાઈટમાં કુલ 122 મુસાફરો સવાર હતા. આ જ વિમાનને સુરતથી દિલ્હી માટે ફ્લાઈટ નંબર IX-1264 તરીકે સંચાલિત કરવામાં આવવાનું હતું. તેનું નિર્ધારિત પ્રસ્થાન સમય સવારે 11:20 વાગ્યે હતું. પરંતુ આગમન ફ્લાઈટ મોડેથી પહોંચતાં વિમાનના જરૂરી ટર્ન-અરાઉન્ડ, સુરક્ષા તપાસ, ટેકનિકલ ચકાસણી તેમજ અન્ય ઓપરેશનલ પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં વધારાનો સમય લાગ્યો હતો.

આ તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ સુરતથી દિલ્હી જતી ફ્લાઈટને અંદાજે 1 કલાક 55 મિનિટના વિલંબ સાથે રવાના કરવામાં આવી હતી. એરલાઈન દ્વારા મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં તમામ જરૂરી કામગીરી પૂર્ણ થયા બાદ જ ફ્લાઈટનું સંચાલન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને કારણે દિલ્હી જવા માટે રાહ જોતા મુસાફરોને એરપોર્ટ પર વધારાનો સમય પસાર કરવો પડ્યો હતો. જોકે, તમામ કામગીરી નિયમો મુજબ પૂર્ણ કરીને ફ્લાઈટને સુરક્ષિત રીતે દિલ્હી માટે રવાના કરવામાં આવી હતી.

**ખરાબ હવામાનને કારણે નાગપુરથી મુંબઈ જતું ચાર્ટર્ડ વિમાનનું સુરત એરપોર્ટ પર લેન્ડ કરાયું**

મુંબઈમાં પ્રતિકૂળ હવામાનની સ્થિતિને કારણે નાગપુરથી મુંબઈ જતું ચાર્ટર્ડ વિમાન બુધવારે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. એર ટ્રાફિક મેનેજમેન્ટના સંકલનથી વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું અને તમામ જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ વિમાનને તેના નિર્ધારિત ગંતવ્ય મુંબઈ માટે રવાના કરવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર, તા. 22 જુલાઈ, 2026ના રોજ સવારે અંદાજે 11:30 વાગ્યે નાગપુરથી મુંબઈ જતું ચાર્ટર્ડ વિમાન VT-TRE મુંબઈ ખાતે પ્રતિકૂળ હવામાનના કારણે સુરત એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.